BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

**પરિપત્ર:**

**વિષય: GCAS અંતર્ગત વિદ્યાર્થીઓના પ્રવેશ પ્રક્રિયાની તારીખ લંબાવવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સંસ્થા/કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તથા અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ GCAS પોર્ટલ દ્વારા પ્રવેશ પ્રક્રિયા કાર્યરત છે.ધોરણ-૧૨ ની પુરક પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ તથા પ્રવેશ પ્રક્રીયાથી વંચિત રહી ગયેલ વિદ્યાર્થીઓ તથા અનુસ્નાતક અભ્યાસક્રમમા સંસ્થા/કોલેજમાં મંજુર ઇન્ટેકની મર્યાદામાં ખાલી રહેલ બેઠકો ઉપર પ્રવેશની લાયકાત ચકાસીને GCAS પોર્ટલ પર **DIRECT ADMISSION FORM** મા ઓફલાઈન માધ્યમથી પ્રવેશ પ્રક્રિયા **તા:30/૦૮/૨૦૨૪** સુધી કરવાની રહેશે.ઓફલાઈન પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી રૂ.300/- મેળવી નીચે દર્શાવેલ ફોરમેટ મુજબ એક્શેલ શીટમાં માહિતી તૈયાર કરી કુલ વિદ્યાર્થીની ફી સહીતની યાદી દરેક સંસ્થા/કોલેજ દ્વારા અત્રેની યુનિવર્સિટીના હિસાબી શાખામાં GCAS રજીસ્ટ્રેશન ફી તરીકે વિદ્યાર્થીની યાદી સાથે **તા:03/૦૯/૨૦૨૪** સુધીમાં સમય મર્યાદામાં જમા કરાવવાની રહેશે.આ ઉપરોક્ત વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ કરતા પૂર્વે તેમના અસલ દસ્તાવેજો,જાતિના દાખલા વગેરે સંબંધિત ચકાસણી કરવાની જવાબદારી જે તે સંસ્થાના આચાર્યશ્રીની રહેશે તથા ERP સોફ્ટવેરમા વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ જનરેટ કરવા અંગેની પ્રક્રિયા સંભવિત **તારીખ:૦૯/૦૯/૨૦૨૪** થી શરુ થશે તેની માહિતી અંગેનો પરિપત્ર ટૂંક સમયમાં જાહેર કરવામાં આવેશે.જેની નોંધ લેવી.

| ક્રમ | વિદ્યાર્થીનો GCAS અંતર્ગત એપ્લીકેશન નંબર | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થી દ્વારા પસંદ કરેલ અભ્યાસક્રમનું નામ | રજીસ્ટ્રેશન ફી ની વિગત |
|---|---|---|---|---|
| | | | | |

ડૉ. ડી.એચ. સુખડીયા

**કા.કુલસચિવ**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૧૪૭/૨૦૨૪

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,

ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,

ખડીયા, જુનાગઢ.

તા. ૧૬/૦૮/૨૦૨૪

પ્રતિ,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ ....

**નકલ સાદર રવાના:-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:**-(૧) આઇ.ટી.સેલ. વેબસાઇટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503
www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh